ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૫૪ ટકા

# શહેરમાં કોરોના ઉપરાંત બેવડી ઋતુનો માર

## સતત વધતા જઈ રહેલા કોરોના સંક્રમણ સાથે ઋતુજન્ય બિમારીઓનું જોર પણ વધ્યું : શરદના સંતાપ સાથે પરોઢિયે ઠંડીનો અનુભવ : મચ્છરોનો પણ ત્રાસ હોવાથી ચિકનગુનિયા સહિતની બિમારીઓએ માથુ ઉંચક્યું

ગાંધીનગર, તા.૬

શહેરમાં અત્યારે આરોગ્યની દ્રષ્ટિએ સૌથી કપરો કાળ ચાલી રહ્યો છે. એક તરફ કોરોના વાયરસ સંક્રમણના કેસોની સંખ્યા સતત વધતી જઈ રહી છે, બીજી તરફ શરદનો સંતાપ ચાલી રહ્યો છે તે સાથે સાથે વાતાવરણમાં બેવડી ઋતુની સ્થિતિ સર્જાતા બિમારીઓનું જોર વધી રહેલું જણાય છે. દિવસે તાપ-તડકો અને મોડી રાત્રિ પછી ઠંડક છવાઈ જતી હોવાથી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. આ સ્થિતિમાં મચ્છરનો ત્રાસ પણ વધુ હોવાથી શહેરીજનોની સ્થિતિ કફોડી થઈ રહી છે અને ઘેર ઘેર માંદગીના ખાટલાં હોય તેવી સ્થિતિ સર્જાઈ રહી છે.

કોરોના મહામારી નિયંત્રણમાં આવવાનું નામ લેતી નથી અને શહેરના લગભગ દરેક સેકટરના મોટાભાગના ચોકઠાં કે સોસાયટીઓમાં કોરોનાના એકથી વધુ કેસો નોંધાયેલા જોવા મળી રહ્યા છે. નાગરિકોને ના છુટકે કામ ધંધાર્થે બહાર નીકળવું પડી રહ્યું છે. જેમાં સોશિયલ ડિસ્ટન્સ જાળવવું અઘરું




બનતું જાય છે. જેથી સંક્રમણની ગતિ તેજ બની છે. વળી, અત્યારે ચાલી રહેલ શરદ ઋતુમાં દિવસ દરમિયાન તાપ-તડકો અનુભવાય છે જેના કારણે ગરમી લાગે જયારે મોડી રાત્રિ પછી વાતાવરણમાં ઠંડક છવાઈ જાય છે. જેના કારણે બેવડી ઋતુની સ્થિતિ સર્જાઈ છે. પરોઢિયે શહેરીજનોને પંખા બંધ કરી દેવા પડે તેવી ઠંડી અનુભવાય છે પરંતુ બીજી તરફ મચ્છરનો ત્રાસ વધુ હોવાથી ના છૂટકે પંખા ચાલુ રાખવા પડે છે જેના કારણે શરદી-સળેખમ, ખાંસી-ઉધરસ વગેરે વધી રહ્યા છે જેના કારણે કોરોના ચેપ લાગવાની શકયતા પણ વધી જાય છે. મચ્છરોના ઉપદ્રવને કારણે પણ ચીકનગુનિયા, તાવ વગરે સહિતની બિમારીઓ માથુ ઉંચકી રહી છે અને જેના કારણે પણ કોરોનાને મોકળું મેદાન મળે તેવી સ્થિતિ સર્જાઈ છે. મોટા ભાગના નાગરિકો ઘરમાં ધૂપ-લીમડાનો ધુમાડો કે મચ્છર મારવાની દવા ઉપરાંત તે માટેના ઈલેકટ્રોનિકસ ઉપકરણોનો સહારો લઈ રહ્યા છે.

# ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં કચરાના ઢગ ખડકાયા

## રાધે સ્કવેર નજીક મુખ્ય માર્ગ પર ગંદકીનું ઘર : અનેક સ્થળોએ કચરાના ખડકલાંથી નાગરિકો પરેશાન





ગાંધીનગર, તા.૬

તાજેતરમાં જ દેશભરમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૧મી જન્મજયંતિ ગાંધીનગરમાં ઉજવાઈ અને શહેરના મેયરે સ્વચ્છતા અભિયાનમાં ભાગ લઈ ઉજવણી કરી હતી. જો કે ગાંધીજીના જન્મની સાર્ધશતાબ્દીની ઉજવણી બે વર્ષ સુધી સ્વચ્છતા અભિયાન થકી ઉજવાઈ પરંતુ હજુ પણ સરેરાશ નાગરિકો કે વહીવટી તંત્ર પણ સ્વચ્છતા બાબતે જોઈએ તેટલી ગંભીરતા દાખવતું નથી. વળી, પ્રવર્તમાન કોરોના મહામારી સહિત વિવિધ સીઝનલ બિમારીઓ પણ માથુ ઉંચકી રહી હોવા છતાં શહેરમાં અનેક ઠેકાણે કચરાના ઢગ એવા ખડકાયેલા જોવા મળી રહ્યા છે જે નિહાળી સ્માર્ટ સિટીનું સ્વપ્ર કેવી રીતે સિધ્ધ થશે તેવો સવાલ ખડો થઈ રહ્યો છે.

ગાંધીનગરમાં કુડાસણ વિસ્તારમાં રાધે સ્કવેર કોમ્પ્લેક્ષ નજીક મુખ્ય માર્ગ પર જ કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. શહેરના ન્યુ ગાંધીનગર વિસ્તારના અનેક સ્થળો એવા છે જયાં જાહેરમાં ખુલ્લામાં કચરાના ઢગ ખડકાયેલા જોવા મળી રહ્યા છે જેમાં કંસાર હોટલ ચાર રસ્તા નજીક, કાનમ ફલેટ નજીકના ખુલ્લા પ્લોટમાં, કૃષ્ણકુંજ સોસાયટી સામેના ભાગમાં, શ્યામસૃષ્ટિ નજીકના ચાર રસ્તા પાસે, રાધે રેસીડેન્સી અને સ્વાગત રેઈનફોરેસ્ટ-૧ના સર્વિસ રોડ પર વગેરે સહિત અન્ય સ્થળોએ પણ આ પ્રકારની સ્થિતિ જોવા મળી રહી છે. કુડાસણ વિસ્તારમાં રાધે સ્કવેર નજીક તો મુખ્ય માર્ગ પર જ કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. સ્માર્ટ સિટી બનવા જઈ રહેલા ગાંધીનગરમાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં સ્વચ્છતા બાબતે વહીવટીતંત્રએ ધ્યાન આપવાની જરૂરિયાત જણાઈ રહી છે. અત્યારે સીઝનલ બિમારીઓનું જોર પણ વધી રહ્યું હોવાથી આ બાબતે વિશેષ ધ્યાન અપાય તે ઈચ્છનીય છે.

# સેકટરમાં બ્લોક નાંખવા માટે નાગરિકો પાસેથી એડવાન્સ રૂપિયા લઈ પલાયન થઈ જતા બે ઝડપાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના સેકટર-૭-એ, ૫-સી, ૩-એ અને સેકટર-૨૭ના વસાહતીઓ પાસેથી બ્લોક નાંખવાના બહાના હેઠળ એડવાન્સ પૈસા લઈ છુમંતર થઈ ગયેલા બે શખ્સોને એલસીબી-૧ પોલીસે ઝડપી પાડયા છે. છેલ્લા ૧૫ દિવસમાં ગઠીયાઓએ નાગરિકો પાસેથી રૂ. ૩૦ હજાર પડાવી લીધા હતા. પોલીસે રોકડા રૂપિયા અને બાઈક જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.




પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પી.આઈ. જે.જી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કાર્યરત હતા તે સમયે એએસઆઈ કાંતિભાઈને ખાનગી રાહે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે સેકટર-૬ અપના બજાર પાસથી સરગાસણ છાપરામાં રહેતા વિષ્ણુ ઉર્ફે રાજુ ભૂપતભાઈ ઓડ (ઉ.વ.૨૨) અને દિનેશ ખીમજીભાઈ ઓડ (ઉ.વ. ૧૯)ને ઝડપી પાડયા હતા. સેકટર-૭ પોલીસ મથકે સેકટર-૭ના રહિશ પ્રદિપભાઈ અંબાલાલ દવેની ફરિયાદ મુજબ ગત તા. ૨૧ સપ્ટેમ્બરના રોજ સવારે નવ વાગે બે યુવકો ફરિયાદીના ઘરે આવ્યા હતા. ઘર પાસેની ખુલ્લી જગ્યામાં રૂ. ૭ હજારમાં સિમેન્ટના બ્લોક નાંખવાનું કહ્યું હતું. ફરિયાદીએ હા પાડતા આરોપીઓ ૧૦ મીનીટમાં રેતી ભરેલું ટ્રેકટર લઈ આવ્યા હતા. ત્યારબાદ બ્લોક લેવા માટે એડવાન્સ રૂ. ૫ હજાર માંગતા ફરિયાદીએ આપ્યા હતા ત્યાર પછી તેઓ પરત આવ્યા ન હતા જેથી નાગરિકે આ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. એલસીબી પોલીસે બંનેને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જિલ્લા ન્યાયાલય દ્વારા ગાંધી જયંતિએ વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર ખાતેના જિલ્લા ન્યાયાલય દ્વારા ગત તા. ૨જી ઓકટોબરે ગાંધી જયંતિના ઉપક્રમે એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબિનારમાં પેરાલીગલ વોલન્ટિયર્સ જયરામ સોની અને અનિલભાઈ કક્કડે સંબોધન કર્યું હતું. વેબિનારમાં ગાંધીજીનો જીવન સંદેશ 'મારું જીવન એજ મારો સંદેશ' સંદર્ભે તેમજ અહિંસાત્મક સંચાર વ્યવસ્થા અંગે જાણકારી આપવામાં આવી હતી.

# બિલ્ડરે રૂ. ૮.૮૫ લાખ લીધા પછી ફલેટ આપવાનો ઈન્કાર કર્યો હોવાનો આક્ષેપ

## અરજદારે ભરેલા રૂપિયામાંથી રૂ. ૨.૮૫ લાખ ઓછા આપીને બિલ્ડરે ધમકી આપી હતી

ગાંધીનગર, તા.૬

વાવોલ સ્થિત એક ફલેટની સ્કિમમાં બિલ્ડરને રૂ. ૮.૮૫ લાખ ચુકવી દીધા પછી ખરીદનારને ફલેટ આપવાની ના પાડી હોવાનો આક્ષેપ કર્યો છે. ફલેટ માટે આપેલા નાણાંમાંથી બિલ્ડરે રૂ. ૨.૮૫ લાખ ઓછા આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હોવાના આક્ષેપ સાથે એટ્રોસીટી હેઠળ ફરયાદ નોંધવા અરજી કરાઈ છે.

મળતી વિગત મુજબ છાલા ખાતે રહેતા અને ગાંધીનગર ખાતે વકીલાતનો વ્યવસાય કરતા અમૃત જેપાલે અરજીમાં રજુઆત કરી છે કે વાવોલ ખાતે પંજરી પેલેસમાં ફલેટ જોવા માટે તેઓ પત્ની સાથે ગયા હતા. બિલ્ડર દિપકભાઈ પ્રજાપતિએ સ્કીમ અને નાણાંની માહિતી આપ્યા પછી તેમણે ડી-૨૦૨ નંબરનો ફલેટ બુક કરાવ્યો હતો. ત્યારબાદ ફલેટ પેટે ટુકડે ટુકડે રૂ. ૮.૮૫ લાખ બિલ્ડરને ચુકવી દીધા હતા ત્યારબાદ અમૃત જેપાલ વધુ ૧ લાખ રૂપિયા આપવા ગયા ત્યારે દિપકભાઈએ સ્પષ્ટ જણાવ્યું હતું કે તમારા બાનાખત અંગે પાર્ટનરો સાથે વાતચીત થઈ હતી. તેઓએ દલિત વ્યકિતને સ્કીમમાં ફલેટ નહીં આપવાનું જણાવ્યું હતું. ત્યારબાદ બિલ્ડરે રેરા, જીએસટી કાપીને રૂયિા પરત કરવામાં આવશે. ૨૮ ટકા નાણાં કાપવાની વાત બ્લિડરે કરતા અરજદારે બાનાખત થયું ન હોવાથી પોતાની તમામ આપેલી રકમ પરત માંગી હતી. જેથી બિલ્ડરે ૮ માસમાં રૂપિયા આપવાનું કહ્યું હતું પરંતુ અરજદારે ભરેલા રૂપિયામાંથી રૂ. ૨.૮૫ લાખ ઓછા આપીને બિલ્ડરે ધમકી આપી હતી. આ સમગ્ર મુદ્દે બિલ્ડર જયેશ પટેલ અને દિપક પ્રજાપતિ સામે જિલ્લા પોલીસ વડાથી લઈ મુખ્યમંત્રી સમક્ષ અરજી કરાઈ છે.

## આઈટીઆઈના જુજ ટ્રેડમાં ખાલી બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા ચાલુ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સેકટર-૧૫ ખાતે ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે પ્રવેશ પ્રક્રિયામાં ઓગસ્ટ ૨૦૨૦માં ભરવાપાત્ર થતી બેઠકો સામે જુજ વ્યવસાયોમાં બેઠકો ખાલી રહેવા પામી છે. આ બેઠકો પર પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ આઈટીઆઈ ખાતે તા. ૫મી ઓકટોબરથી તા. ૧૯મી ઓકટોબર સુધીમાં રૂ. ૫૦ રજીસ્ટ્રેશન ફી ભરીને જરૂરી પ્રમાણપત્રો સહિત ફોર્મ ભરવાનું રહેશે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે. પ્રવેશ પ્રક્રિયા અંગે વધુ માહિતી માટે આઈટીઆઈનો સંપર્ક સાધવા અને પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ પ્રવેશનો લાભ લેવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# કલોલ હોળી ચકલા વિસ્તારમાંથી જુગાર રમતા ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરના હોળી ચકલા વિસ્તારમાંથી જુગાર રમતા ત્રણ શકુનીઓને એલસીબી પોલીસે ઝડપી પાડયા છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડા રૂ. ૧૯,૫૬૦, ૪ મોબાઈલ ફોન અને એક એકીટવા મળી કુલ રૂ. ૬૫,૦૬૪નો મુદામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસની રેડને પગલે જુગારીઓમાં દોડધામ મચતા ૪ જુગારી ભાગી ગયા હતા.

મળતી વિગત મુજબ એલસીબી પી.આઈ. જે.જી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કલોલ વિસ્તારમાં કાર્યરત હતા તે સમયે સાથે રહેલા ગોવિંદભાઈને બાતમી મળી હતી. જેને પગલે એલસીબી પોલીસે સોમવારના રોજ સાંજે હોળી ચકલા વિસ્તારમાં નિમેષ ઉર્ફે નિમ્મુ બારોટના ઘરે રેડ પાડી હતી. જેને પગલે જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી અને ૪ જુગારી નાસી છુટયા હતા. પોલીસે સ્થળ પરથી મુકેશ કેશાજી ઠાકોર (કરશનપુરા ટીંટોડા) બુધાજી કાંતિજી ઠાકોર (ખાંટવાસ સઈજ), રમેશજી શકરાજી ઠાકોર (મોટો ઠાકોરવાસ કલોલ) પકડાઈ ગયા હતા. જયારે જુગારીઓને રમવા માટે બોલાવનાર નિમેશ મહેન્દ્ર બારોટ, રમેશજી શકરાજી ઠાકોર, લાલો અને રાકેશ મકવાણા નાસી ગયા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રૂ. ૧૯,૫૬૦ તેમજ ૧૫,૫૦૦ના ૪ મોબાઈલ અને રૂ. ૩૦ હજારનું એકટીવા મળીને કુલ રૂ. ૬૫,૦૬૦નો મુદ્દામાલ જપ્ત કરી ૭ શખ્સો સામે જુગારધારા હઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



અવાવરૂ સ્થળો, ખાલી કુવા, વાવ, જુની ઈમારતો અને ખંડેર મકાનોમાં રહેતા નિશાચર પ્રાણીઓ વાગોળ અને ચામાચિડીયાની સંખ્યા વધી ગઈ હોય તેવું લાગે છે. રાત્રિના અંધકારમાં જ ઉડતા અને દિવસ દરમિયાન કોઈ અવાવરૂ સ્થળે ચાલ્યા જતા 'વાગોળ' આજકાલ શહેરની સોસાયટીઓમાં જોવા મળી રહ્યાં છે. દેખાવે બિહામણાં લાગતા 'વાગોળ'ને જોઈ બાળકો ભય સાથે અચરજ પામી રહ્યા છે.

# લાયન્સ કલબ ફેમિના દ્વારા ગાંધીજયંતીની વિશેષ ઉજવણી



ગાંધીનગર, તા.૬

લાયન્સ કલબ ફેમીના દ્વારા ગાંધીજયંતિ નિમેત્તે આદિવાડાની આંગણવાડીની કિશોરીઓ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્વચ્છતા અને સ્વસ્થતાના આગ્રહી બાપુના જન્મદિને કિશોરીઓને સેનેટરી પેડ આપી એના ઉપયોગ દ્વારા સ્વચ્છતા અને સ્વાસ્થ્યની સમજ આપવામાં આવી હતી. આ સાથે નવરાત્રી-દિવાળી જેવા તહેવારના ઉપલક્ષમાં શણગારની વસ્તુઓ ઈમીટેશન જવેલરી વગેરે પણ અપાયા હતા જે મળવી દિકરીઓએ આનંદ વ્યક્ત કર્યો હતો.


કિશોરીઓ દ્વારા ભજન વૈષ્ણવજનની રજૂઆત કરવામાં આવી હતી જ્યારે ગાંધીબાપુના જીવન કવન વિશે એક વિદ્યાર્થીનીએ વક્તવ્ય પણ આપ્યું હતું.

મહાત્મા ગાંધીજીના જન્મદિનની કેક કાપી ઉજવણી કરાઈ હતી. પ્રમુખ મમતા રાવલે સહુને શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં સેક્રેટરી દક્ષા જાદવ, સોનલ રાવલ, કુસુમ જોષી, મનીષા ત્રિપાઠી, નિમિષા શુક્લએ હાજરી આપી હતી.

# સે-૩-સીમાં ઉભરાતી ગટરોથી રોગચાળાનું જોખમ

ગાંધીનગર, તા.૬

શહેરમાં હજુ પણ અનેક ઠેકાણે ખાસ કરીને નવા સેકટરોમાં ગટર ઉભરાવાની સમસ્યા સતાવી રહી છે. શહેરના સેકટર-૩-સીમાં પ્લોટ નં. ૬૫૪, ૬૫૨, ૬૫૫ વગેરે નજીક ઉભરાતી ગટરલાઈન આ વિસ્તારના



નાગરિકો માટે માથાનો દુઃખાવો બની છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર છેલ્લા ૧૫-૨૦ દિવસથી ઉભરાતી ગટર બાબતે વારંવાર ફરિયાદો કરવા છતાં ના તો કોઈ તેની સફાઈ કરવા આવે છે કે ના આ સમસ્યાનું નિરાકરણ લાવવા પ્રયાસ કરવામાં આવે છે. એક તરફ શહેરમાં ચીકનગુનિયા સહિતની બિમારીઓ માથુ ઉંચકી રહી છે ત્યારે તંત્રની આ ઉદાસીનતા તેમજ જનસેવકોની ઉપેક્ષા જાહેર આરોગ્ય માટે જોખમી બની શકે છે.

## ચિરવિદાય

- સ્વ. પ્રવિણભાઈ ખુશાલદાસ ખડાયતા, ઉ.વ. ૫૪, વરીયાવ, જી. સુરત
- સ્વ. અભરાજજી આતાજી ઠાકોર, ઉ.વ. ૭૪, ધોળાકુવા, તા. ગાંધીનગર
- સ્વ. બંસીલાલ જવાહરમલજી સોની, ઉ.વ. ૮૪, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. રામપ્રસાદભાઈ કાશીરામભાઈ કુંભાવત, ઉ.વ. ૬૦, ખેરાડી, તા. વઢવાણ, સુરેન્દ્રનગર
- સ્વ. ડાઈબેન મથુરજી ઠાકોર, ઉ.વ. ૫૦, બોરૂ, તા. માણસા
- સ્વ. પ્રજાપતિ પ્રહલાદભાઈ મોહનદાસ, ઉ.વ. ૬૫, કડી, કરણનગર, જી. મહેસાણા
- સ્વ. હિતેશ બિપિનભાઈ શાહ, ઉ.વ. ૪૩, સુઘડ, તા. ગાંધીનગર
- સ્વ. ભટ્ટ હરિપ્રસાદ સુખદેવપ્રસાદ, ઉ.વ. ૮૫, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર સંજયકુમાર રમતુજી, ઉ.વ. ૨૨, સેકટર-૨૮, ગાંધીનગર
- સ્વ. દેવીબેન શંકરલાલ ખત્રી, ઉ.વ. ૭૪, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. ભારથાજી વરવાજી ચૌહાણ, ઉ.વ. ૭૭, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. જોષી હર્ષદભાઈ ત્રિકમભાઈ, ઉ.વ. ૫૯, મહેસાણા, જી. મહેસાણા